વંચાણમાં....

1. અત્રેની કચેરીના આદેશ ક્રમાંકનં નં-હસબ/અડટ/સ્ટાફમંજૂરી/૧૫૨૭૧ તા-૧૨/૦૨/૭૯
2. અત્રેની કચેરીના પત્ર ક્રમાંકનં નં-સસુખા/જબક/મહેકમ/૦૬-૦૭/03 તા-૦૨/ ૦૧/૦૬
3. અત્રેની કચેરીના પત્ર ક્રમાંકનં નં-સસુખા/જબક/રોસ્ટર/૦૬-૦૭/૧૯૬૮ તા૦૨/૦૯/૦૬
4. શ્રી કસ્તુરબા સ્ત્રી વિકાસગૃહ,(ફિટપર્સન)જામનગરની તા-૦૬/૧૦/૨૦૧૬ની દરખાસ્ત
5. સામાજિક ન્યાય અને અધિકરિતા વિભાગ,સચિવાલય ગાંધીનગરનો ઠરાવ ક્રમાંક જજઅ/૧૦૨૦૧૪/૨૦૯૭૬૨/છ,તા ૨૩/૧૨/૨૦૧૫
6. સરકારશ્રીના શ્રમ અને રોજગાર વિભાગના તા-૧૪/૦૬/૨૦૦૬નો પરિપત્ર
7. અત્રેની કચેરીના પરિપત્ર ક્રમાંક જા.નં/સસુખા/સીપીડી/આઉટસોર્સ/૨૦૧૬-૧૭/૨૩૨૧તા-૨૭/૦૫/૧૬
8. સરકારશ્રીના સામાન્ય વહીવટ વિભાગના તા-30/૧૧/૨૦૦૬ના ઠરાવ ક્રમાંક-મકમ-૨૦૦૪-૨૫૩૯-ખ૩

નં SSK/Outsource/EST/CPD/16-17/૯૨૩૫ તા ૩૦/ 03 / 2017

## આદેશ

ઉપરોકત વંચાણ્-1ના આદેશથી સમાજ સુરક્ષા ખાતા હેઠળ અનુદાન મેળવતી સ્વૈચ્છિક સંસ્થા શ્રી કસ્તુરબા સ્ત્રી વિકાસગૃહ,(ફિટપર્સનવિભાગ)જામનગરને ગ્રાન્ટ ઇન એઇડ ધોરણે મહેકમ મંજૂર કરવામાં આવેલ જેમા 1-સુપ્રિન્ટેન્ડેન્ટ 1-હાઉસમધર,1-જૂનિયર કલાર્ક,1-ભાષાશિક્ષક,2-પ્યુન કમ ચોકિદાર,1-રસોયા,1-VMO અને વંચાણ-2થી ૨૦% કાપ રદ થતા 1- સહાયકગૃહમાતાની જગ્યા ભરવાની અને વંચાણ-3થી બિન અનામત રોસ્ટર ક્રમાંક મુજબ 1- સિનિયર કલાર્કની જગ્યા માટે અત્રેથી મંજૂરી આપવામાં આવેલ મંજૂર જગ્યાઓ વર્ગ-3ની એક અને વર્ગ-4ની 4 અને એક પાર્ટટાઇમ વીએમઓની જગ્યા ભરાયેલ છે અને બાકીની જગ્યાઓ ખાલી રહેલ છે.વંચાણ-4થી સંસ્થાએ સદર જગ્યાઓ આઉટસોર્સથી ભરવા સારૂ અત્રે મંજૂરી માટે દરખાસ્ત કરેલ છે.જે ધ્યાને લેતા વંચાણ-5થી ભારત સરકારના સંકલિત બાળ સુરક્ષા યોજના હેઠળ Project Approval Board દ્વારા માન્ય કરાયેલ સંસ્થાઓમાં તદ્દન હંગામી એડહોક ધોરણે ૧૧ માસના કરાર આધારિત માનવબળની ભરતી કરવાની મંજૂરી મળતા અગાઉ અત્રેથી આપેલ સ્વૈચ્છિક સંસ્થા શ્રી કસ્તુરબા સ્ત્રી વિકાસગૃહ,(ફિટપર્સન)જામનગરના તમામ મહેકમની મંજૂરીના આદેશો આથી રદ કરવામાં આવે છે. તા-૦૬/૧૦/૨૦૧૬ની સંસ્થાની દરખાસ્ત ધ્યાને લેતા વંચાણ-5 ના ઠરાવમાં જણાવેલ ક્રમનં 1 થી 6 ની જગ્યાઓ એનેક્ષર-અ મુજબ વંચાણ-6 ના પરિપત્રને ધ્યાને લઇ ભરવાની રહેશે,ક્રમનં-2(એનેક્ષર-અ) માટે નીચે મુજબની શૈક્ષણિક લાયકાતને અને અનુભવને ધ્યાને લેવાની રહે,ક્રમનં-5(એનેક્ષર-અ)ની જગ્યા અન્વયે જિલ્લાઓમા સ્વાસ્થ્ય આરોગ્ય કેન્દ્રમાં પેરામેડીકલ સ્ટાફની આઉટસોર્સથી સેવાઓ લેવામાં આવે છે તે મુજબ સદર સંસ્થામાં પેરાપેડીકલ સ્ટાફની સેવા લેવાની રહે, ક્રમનં 7 થી 9ની જગ્યાઓ વંચાણ-7ના પરિપત્ર મુજબ કચેરી વ્યવસ્થાપનને અનુસંધાને વંચાણ-8ની શરતોને આધિન ભરી લેવાની રહે તથા ક્રમન-10માં પાર્ટટાઇમ વીએમઓની જગ્યા પર શ્રી.ડૉ,પ્રફૂલભાઇ બી દવે જે હાલની સ્થિતીમાં સંસ્થામાં સેવા આપતા હોઇ તેઓની સેવાઓ ચાલૂ રાખવાની રહે,સંસ્થામાં ઉકત તમામ ખાલી

જગ્યાઓની એડહોકધોરણે-૧૧ માસના કરાર આધારિત મહેકમની નીચે મુજબની શરતોને આધિન ભરવાની આથી મંજૂરી આપવામાં આવે છે.

## એનેક્ષર-અ

| ક્રમ | હોદ્દો | કર્મચારીની સંખ્યા | ચૂકવવાનુ માનદવેતન,(Per Month) |
|---|---|---|---|
| ૧ | ઓફિસ ઇન્ચાર્જ (સુપ્રિન્ટેન્ડેન્ટ) | ૧ | ૨૫,૦૦૦/- |
| ૨ | પરામર્શક (કાઉન્સેલર) | ૧ | ૧૭,૫૦૦/- |
| 3 | પ્રોબેશન અધિકારી/ચાઇલ્ડવેલફેર અધિકારી/કેસવર્કર | ૧ | ૧૭,૫૦૦/- |
| ૪ | હાઉસમધર કે હાઉસફાધર(ગૃહમાતા/ગૃહપિતા) | ૨ | ૧૧,૦૦૦/- |
| ૫ | પેરામેડીકલ સ્ટાફ | ૧ | ૯,૦૦૦/- |
| ૬ | સ્ટોર કિપર કમ એકાઉન્ટન્ટ | ૧ | ૧૪,૦૦૦/- |
| ૭ | કૂક(રસોઇયા) | ૧ | ૭,૫૦૦/- |
| ૮ | હેલ્પર /આયા/ગાર્ડ | ૨ | ૬,૦૦૦/- |
| ૯ | હાઉસકીપર | ૧ | ૬,૦૦૦/- |
| ૧૦ | M.B.B.S ડોકટર (પાર્ટ ટાઇમ/સ્વૈચ્છિક) | ૧ | ૧,૫૦૦/- |

| Sr no | Designation | Education Qualification |
|---|---|---|
| 2. | Counselors | Preferably M.A.in psychology/Sociology/MSW/applied Psychology, or Msc in Human development with minimum two years 'work experience(second Class preference-MSW with two,years' counciling Experiencc) |

નિમંણૂકની બોલીઓ અને શરતો...

1) શ્રી કસ્તુરબા સ્ત્રી વિકાસગૃહ,(ફિટપર્સન)જામનગરની સંસ્થા ખાતે સિનિયરકલાર્ક (વર્ગ-3)જગ્યા પર ફરજો બજાવતા શ્રી ખોજેમાંભાઇ એસ કાદીયાણીની જગ્યા ભરાયેલ છે.તો ક્રમનં-7ની સ્ટોર કિપર કમ એકાઉન્ટન્ટની જગ્યા ભરવાની રહેશે નહી પરંતુ સદર કર્મચારી વયનિવૃત થાય કે સ્વૈચ્છિક રાજીનામુ આપતા ખાલી પડે ત્યારે જ તે ખાલી જગ્યા એનેક્ષર-અના જે તે સંવર્ગના ક્રમ મુજબ ભરવાની રહેશે.

2) શ્રી કસ્તુરબા સ્ત્રી વિકાસગૃહ,(ફિટપર્સન)જામનગરની સંસ્થા ખાતે ચોકિદાર કમ ગાર્ડ(વર્ગ-4)જગ્યા પર ફરજો બજાવતા શ્રીભાણજીભાઇ ડી સોલંકી અને શ્રી જેરામભાઇ એલ પાટડીયાની જગ્યા ભરાયેલ છે.તો ક્રમનં-8ની

હેલ્પર/આયા/ગાર્ડની જગ્યા ભરવાની રહેશે નહી પરંતુ સદર કર્મચારી વયનિવૃત થાય કે સ્વૈચ્છિક રાજીનામુ આપતા ખાલી પડે ત્યારે જ તે ખાલી જગ્યા એનેક્ષર-અ ના જે તે સંવર્ગના ક્રમ મુજબ ભરવાની રહેશે.

3) શ્રી કસ્તુરબા સ્ત્રી વિકાસગૃહ,(ફિટપર્સન)જામનગરની સંસ્થા ખાતે આયાની(વર્ગ-4)જગ્યા પર ફરજો બજાવતા શ્રીમતી પ્રફુલ્લાબેન એચ સોનેગ્રાની જગ્યા ભરાયેલ છે.તો ક્રમનં-8ની હેલ્પર/આયા/ગાર્ડની જગ્યા ભરવાની રહેશે નહી પરંતુ સદર કર્મચારી વયનિવૃત થાય કે સ્વૈચ્છિક રાજીનામુ આપતા ખાલી પડે ત્યારે જ તે ખાલી જગ્યા એનેક્ષર-અ ના જે તે સંવર્ગના ક્રમ મુજબ ભરવાની રહેશે.

4) શ્રી કસ્તુરબા સ્ત્રી વિકાસગૃહ,(ફિટપર્સન)જામનગરની સંસ્થા ખાતે કૂક(રસોઇયા) (વર્ગ-4)જગ્યા પર ફરજો બજાવતા શ્રીમતી લત્તાબેન સી કડવાની જગ્યા ભરાયેલ છે.તો ક્રમનં-7ની કૂક(રસોઇયા)જગ્યા ભરવાની રહેશે નહી પરંતુ સદર કર્મચારી વયનિવૃત થાય કે સ્વૈચ્છિક રાજીનામુ આપતા ખાલી પડે ત્યારે જ તે ખાલી જગ્યા એનેક્ષર-અ ના જે તે સંવર્ગના ક્રમ મુજબ ભરવાની રહેશે.

5) જિલ્લાકક્ષાએ માન.કલેકટરશ્રી, જિલ્લા બાળ સુરક્ષા એકમના ચેરમેન હોવાથી તેઓના અધ્યક્ષ સ્થાને કર્મચારીઓની નિમણૂંક અંગે પસંદગી સમિતિની રચના કરવાની રહેશે. જેમાં જે તે જિલ્લાના જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રી અને સંસ્થાના વડા/પ્રતિનિધિ સભ્ય તરીકે રહેશે. આ અંગેની સઘળી કામગીરી જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીએ હાથ ધરવાની રહેશે.

6) અનુક્રમ નં.૧ થી ૬ની વર્ગ-3ની કરાર આધારિત જગ્યાઓ જાહેરાત આપીને તથા અનુક્રમ નં.૭ થી ૯ વર્ગ-૪ની સમકક્ષ જગ્યાઓની સેવાઓ "એનેક્ષર-અ"માં જગ્યા સામે જણાવેલ માનદવેતનથી જિલ્લા કલેકટરશ્રી દ્વારા માન્ય કરેલ આઉટસોર્સ એજન્સીથી સેવાઓ લેવાની રહેશે.સરકારશ્રી/નિયામકશ્રી દ્વારા ક્રમ-૧ અથવા ક્રમ-3 પર સરકારી અધિકારીની ડેપ્યુટેશન પર નિમણૂંક કરવામાં આવે તો કરાર આધારિત મહેકમનો અંત લાવી ડેપ્યુટેશન પર મુકાયેલ અધિકારીને ફરજ પર હાજર કરવાના રહેશે.

7) સરકારશ્રીના સામાન્ય વહીવટ વિભાગના ઠરાવ ક્રમાંક સીઆરઆર/૧૦/૨૦૦૭/૧૨૦૩૨૦/ગ-૫ તા.૧૩/૦૮/૨૦૦૮ના ઠરાવની જોગવાઇ મુજબ વર્ગ-3ના કર્મચારીઓને નિમણૂંક સમયે કોમ્પ્યુટરની જાણકારી હોવી ફરજિયાત છે.

8) વર્ગ-3,૪ની જુદી જુદી જગ્યાઓ માટે સરકારશ્રી દ્વારા નક્કી કરેલ શૈક્ષણિક લાયકાત અને અનુભવ ધરાવનાર ઉમેદવારોને જ નિમણૂંક આપવાની રહેશે.

9) મંજૂરથયેલ મહેકમના પગાર ભથ્થા પર સંકલિતબાળ સુરક્ષાયોજનાની જોગવાઇ મુજબ 10 % ખર્ચ સંસ્થાએ ભોગવવાનો રહેશે.ઉપરોકત પગાર/ભથ્થામાં સરકારશ્રી દ્વારા વખતોવખત કરવામાં આવનાર સુધારા અમલી બનાવવાના રહેશે.

10) આ હૂકમ અન્વયે થનારી નિમંણૂકની મુદ્દત તદ્દન હંગામી ધોરણે 11-માસ સુધીની જ રહેશે.કોઇપણ સંજોગોમાં આ એડહોક નિમંણૂકોની મુદત 11માસથી વધે નહી તેની તકેદારી જે તે કચેરીએ રાખવાની રહેશે.

11)કરાર આધારિત 11 માસના નિમણૂંક મેળવનાર કર્મચારીઓની કરાર રિન્યુ ભારત સરકારની સંકલિત બાળ સુરક્ષા યોજનાની જોગવાઇ મુજબ વધુમાં વધુ ત્રણ વર્ષ સુધીજ સંબધીત કર્મચારીનો કરાર રિન્યુ કરવાના રહેશે ત્યાર બાદ જેતે જગ્યાનો કરારનો અંત લાવી નવેસરથી ભરતી પ્રક્રિયા હાથ ધરવાની રહેશે.

12)કરાર આધારિત 11 માસના કર્મચારીઓના કરારની મુદત પૂર્ણ થયેથી અપાયેલ નિમંણૂકનો આપો આપ અંત આવેલો ગણાશે.

13)કરાર આધારિત ઉચ્ચક વેતનથી/માનદ વેતનથી નિમંણૂક પામેલ વ્યક્તિને સરકારી મહેકમ ઉપર સમાવિષ્ટ થવા માટેનો કોઇ પણ પ્રકારનો હક પ્રાપ્ત થશે નહી.

14)ભારત સરકારની સંકલિત બાળ સુરક્ષા યોજનાની જોગવાઇ અન્વયે કરેલ ભરતી અનુસાર નિમંણૂક મેળવનાર કર્મચારીઓ પાસેથી આ સાથે સામેલ કરારખત પત્ર મેળવી લેવાનુ રહેશે.

15) પસંદગી થયેલ કર્મચારીની નિમણૂકની બહાલી નિયામકશ્રી સમાજ સુરક્ષાની કચેરી પાસેથી મેળવી લેવાની રહેશે.

16) સરકારશ્રી તરફથી વહીવટી હિતમાં બીજી કોઈ જરૂરી શરતો નક્કી થાય તે પણ બંધનકર્તા રહેશે.

17) મંજૂર કરવામાં આવેલ મહેકમ મુજબના સ્ટાફની ભરતી ત્રણ માસનાં સમયગાળામાં કરવામા નહી આવે તો આપેલ મંજૂરી આપોઆપ રદ થયેલ ગણાશે.

18) એનેક્ષર-અ ના ક્રમનં-1,2,3,4,6,7ના સરકારશ્રી દ્વારા નક્કી કરેલ શૈક્ષણિક લાયકાતને લગતા તમામ ઠરાવ https://sje.gujarat.gov.in/dsd/ પરથી મેળવી લેવાના રહેશે.

ઉકત મંજૂરીના અનુસંધાને વર્ગ-3ની સમકક્ષ 1 થી 6 જગ્યાઓ માટે જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રી દ્વારા ગુજરાત રાજ્યના બે અગ્રણીય વર્તમાન પત્રોમાં જાહેરાત આપી તાત્કાલિક વોક ઇન ઇન્ટરવ્યુ ગોઠવીને ઉપરોકત વર્ગ-3 તમામ જગ્યાઓને લગતી શૈક્ષણિક લાયકાત અને અનુભવને ધ્યાને લઇ અને વર્ગ-૪ની સમકક્ષ જગ્યાઓ પર જિલ્લા કલેકટરશ્રી દ્વારા માન્ય કરેલ આઉટસોર્સ એજન્સીથી માનદસેવાઓ મેળવીને ઉકત સંસ્થા ખાતે તદ્દન હંગામી ધોરણે 11-માસના કરાર આધારિત ભરતીની તમામ ખાલી મહેકમની પ્રક્રિયા પુર્ણ કરવા અને તેની અત્રેથી બહાલી મેળવી લેવા જણાવવામાં આવે છે.

નિયામક
સમાજ સુરક્ષા ખાતું,
ગુજરાત રાજય ગાંધીનગર

પ્રતિ,
માનદમંત્રીશ્રી,
શ્રી કસ્તુરબા સ્ત્રી વિકાસગૃહ,સંચાલિત
બાલિકા સંરક્ષણગૃહ(ફિટપર્સનવિભાગ),
કસ્તુરબાગાંધી માર્ગ-પટેલ કોલોની-
જિલ્લો-જામનગર-૩૬૧૦૦૮ને તાત્કાલિક ભરતી પ્રક્રિયા હાથ ધરવા સારૂ

નકલ રવાના:-

1. મુખ્ય કારોબારી અધિકારીશ્રી,ગુજરાત સ્ટેટ ચાઇલ્ડ પ્રોટેકશન સોસાયટી,બ્લોક નં૧૯/૩ જિવરાજ મહેતા ભવન ગાંધીનગરને જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.
2. નાયબ નિયામકશ્રી,મહેકમ શાખા,વડી કચેરીને જાણ સારૂ.
3. હિસાબી અધિકારીશ્રી(વર્ગ-1)GIA Branch વડીકચેરી ગાંધીનગરને યોગ્ય કાર્યવાહી અર્થે.
4. જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રી, જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીની કચેરી, જામનગર-૩૬૧૦૦૮ને સત્વરે કાર્યવાહી કરવા સારૂ.
5. પ્રોગ્રામ મેનેજરશ્રી ગુજરાત સ્ટેટ ચાઇલ્ડ પ્રોટેકશન સોસાયટી,બ્લોક નં૧૯/૩ જિવરાજ મહેતા ભવન ગાંધીનગરને જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે,
6. આદેશ ફાઇલ
7. સંકલિત ફાઇલ.